| | |
|---|---|
| **PUBLICATION NAME :** | **Jay Gujarat** |
| **EDITION :** | **Ahmedabad** |
| **DATE :** | **07/03/25** |
| **PAGE :** | **02** |

# EDII દ્વારા ભવિષ્યના નવીનીકરણ પર એમ્પ્રેસારિયો ૨૦૨૫ વાર્ષિક સ્ટાર્ટઅપ સમિટનું આયોજન

અમદાવાદ, : એન્ટરપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા **(EDII),** અમદાવાદની એમ્પ્રેસારિયો ૨૦૨૫ વાર્ષિક સ્ટાર્ટઅપ સમિટ (૨-દિવસીય) ૬ માચર્ના રોજ સંસ્થાના કેમ્પસમાં શરૂ થઈ. 'ભવિષ્યના નવીનીકરણ' પર યોજાયેલી એમ્પ્રેસારિયો સ્ટાર્ટઅપ સમિટ ૨૦૨૫, ૧૩મી વાર્ષિક ફ્લેગશિપ ઈવેન્ટ છે, જે ૭ માચર્ના રોજ સમાપ્ત થશે.

એમ્પ્રેસારિયો સ્ટાર્ટઅપ સમિટ એ સ્ટાર્ટ-અપ્સ, નવા ઉદ્યોગસાહસિકો, ઉદ્યોગ માર્ગદર્શકો, રોકાણકારો અને વિદ્યાર્થી સમુદાય માટે મળવા, ઉદ્યોગસાહસિક અનુભવો શેર કરવા, નવી સમજ મેળવવા અને કાયમી ધોરણે વિકસતા સ્ટાર્ટ-અપ ઈકોસિસ્ટમનો અનિવાર્ય ભાગ બનવા માટેનું એક વિશિષ્ટ પ્લેટફોર્મ છે. એમ્પ્રેસારિયો, ૨૦૧૨ માં શરૂ થયેલું અને ત્યારથી આજ સુધીમાં તે સૌથી મોટા ઉદ્યોગસાહસિક મેળાવડામાંનું એક બન્યું છે.

સમીટનો ઉદ્ઘાટન મુખ્ય



અતિથિ શ્રી ડૉ. ધન સિંહ રાવત, માનનીય આરોગ્ય, શિક્ષણ અને સહકારી મંત્રી, ઉત્તરાખંડ સરકાર દ્વારા કરવામાં આવ્યો. તેમણે જણાવ્યું, "દેશમાં ઉદ્યોગસાહસિકતા અને સ્ટાર્ટઅપ્સના સિદ્ધાંત ઝડપથી વિકસી રહ્યા છે.આજનો સમય ઈનોવેટર્સ, ઈનોવેશન, વિચારધારા, ઈનક્યુબેશન અને રોકાણકારોનો છે. યુવાનોને આગળ આવીને તેમના સમક્ષના અવસરોનો લાભ લેવો જોઈએ. તેમને માત્ર વિચાર રજૂ કરવાનો છે અને બાકીના કાર્ય સરળતાથી થઈ શકે છે. આપણો દેશ મજબૂત ઉદ્યોગસાહસિકતાના પારિસ્થિતિક તંત્ર પર ફોકસ કરી રહ્યું છે. ગુજરાતની કાયમ ઉદ્યોગસાહસિકતાના ક્ષેત્રમાં પ્રશંસા કરવામાં આવી છે. મને વિશ્વાસ છે કે વિદ્યાથીર્ઓ માટે ગુજરાતમાં શિક્ષણ મેળવવું સૌભાગ્યની વાત છે. ઉત્તરાખંડના યુવાનોને સહાયતા કરવા માટે , ઉત્તરાખંડ સરકારે **EDII** સાથે સહકાર કર્યો છે. મને તમને આ જાણ કરતા ખુશી થઈ રહી છે કે માત્ર એક જ વષર્માં ૪૦૦થી વધુ એન્ટરપ્રાઈઝ સ્થાપિત થયા છે અને અનેક અન્ય એન્ટરપ્રાઈઝ સ્થાપના માટે પ્રક્રિયામાં છે. આપણે સાથે મળીને ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપીએ અને વિકસિત ભારતના અભિયાનમાં એક મહત્વપૂર્ણ યોગદાન આપીએ."